## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું તારે ગભરાયા વગર ટાંકી ફૂલ કરી દે, આપણે બધાનો વિકાસ થયો તેમ પેટ્રોલનો પણ થવાનો એ મને ખબર હતી જ...!!

# શહેરના ૩૩ ''બુલેટ રાજા'' પાસેથી પોલીસે રૂ.૫૨ હજારનો દંડ વસુલ્યો



ગાંધીનગર, તા.૧૯ ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર બેફામ ગતિએ બુલેટ અને બાઈક હંકારી ફટાકડા જેવો અવાજ કરતા યુવા બાઈક ચાલકો સામે પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. સાયલેન્સરની સાથે છેડછાડ કરીને અવાજ પ્રદુષણ કરતા વાહનોને ડીટેઈન કરાયા છે. જાહેરમાર્ગો પર ફટાકડા જેવો અવાજ કરતા વાહન ચાલકો ત્રાસ વધી જતા પોલીસ મથકે ફરીયાદો પણ થઈ હતી. ત્યારે પોલીસે ૩૩ બુલેટ રાજાઓ પાસેથી રૂ.૫૨ હજારનો દંડ વસુલ્યો છે. જેથી શહેરના બુલેટ રાજાઓ હાલના સમયે ધીમીગતિએ વાહન હંકારતા નજરે પડી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બુલેટ - બાઈકના સાયલેન્સરમાં છેડછાડ કરીને ધુમ સ્ટાઈલે બાઈક હંકારીને ભડાકા કરતા જતા નવ યુવાનો સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. અવાજ પ્રદુષણને પગલે ભડાકા કરતા વાહન ચાલકોની ફરીયાદ ઉચ્ચકક્ષા સુધી પહોંચી હતી. જેથી પોલીસે ખાસ ડ્રાઈવ યોજીને સાયલેન્સરમાં છેડછાડ કરી હોય તેવા ૨૦ વાહનો ડીટેઈન કરીને ૪૦ વાહન માલિકો દંડનીય કાર્યવાહી કરી હતી. તેમ છતા ફટાકડા ફોડતા વાહન ચાલકો સામે ડ્રાઈવ કાર્યરત રહી હતી. જેને પગલે બીજા ૩૩ બુલેટ રાજા પાસેથી પોલીસે રૂ.૫૨ હજારનો દંડ વસુલ્યો છે. જેમાં ૨૨ બુલેટ અને ૧૧ બાઈકનો સમાવેશ થાય છે. પોલીસ તંત્ર દ્વારા સાયલેન્સરમાં ફેરફાર કર્યો હોય તેવા તત્વોને સુધારો કરી દેવા પણ ચેતવણી અપાઈ હતી. જયારે ટ્રાફિકના નિયમોનો ભંગ કરી ધુમ સ્પીડે બાઈક ચલાવતા યુવકો સામે તંત્રની તવાઈ આવી છે.

## ખૂણેખાંચરેથી

● સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બન્ને પક્ષો દ્વારા ડેમેજ કંટ્રોલની કામગીરીને વેગીલી બનાવાઈ છે. એકાદ દિવસમાં પ્રચાર અભિયાન જોર પકડશે.

● ભાજપ તેના પ્રચાર અભિયાનને આક્રમક બનાવવા માટે મહાનગરપાલિકાની ચૂંટણી સંપન્ન થયા બાદ કાર્યકરોની ફોજ જિલ્લામાં ઉતારશે.

● ગાંધીનગર શહેરમાં માર્ગો બનાવવાની કામગીરીમાં ગતિ લાવવાની કડક તાકીદ કરાઈ છે.

● ક ા ` િ વ ડ વેક્સીનેશનના બીજા રાઉન્ડનું વેક્સીનેશન ઝડપથી પૂર્ણ થાય તે રીતે સેશન સાઈટોનું આયોજન કરવા આજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ વિડીયો કોન્ફરન્સ યોજી સૂચનાઓ સાથે સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી સંક્રમિત થયા પછી આજે શહેર અને જિલ્લામાં ડિસ્ચાર્જ મેળવનારાઓની સંખ્યા સમાન રહી છે.

● ગ ા ુ જ ર ા ત ા સાહિત્યસંગમ ગાંધીનગર તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ''ચરિત્ર સાહિત્યમાં બદલાતાં સ્થિત્યાંતરો'' વિષય પર સાંજે ૪ વાગે વેબિનાર યોજવામાં આવ્યો છે.



ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંના માર્ગદર્શન હેઠળ ''વસંત ઋતુના મહિમા'' વિષયક વાર્તાલાપ યોજાયો. કાર્યક્રમની શરૂઆતમાં બી.એ. વર્ષ એ.૬ના વિદ્યાર્થિની ગીતાબેન દેસાઈએ ભજન-ધૂન-ગીત ગાયાં. ત્યારબાદ ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડૉ. સંજયભાઈ મકવાણાએ વસંતના મહિમા વિષયક કાવ્ય રચનાઓ, સંશોધનો અને માનવજીવનમાં વસંતઋતુનું મહત્વ તેમજ માનવ સમાજનું વસંતની સાથેના જોડાણ વિશે રસપ્રદ વાર્તાલાપ કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિ.સે. પહોંચશે

ગાંધીનગર, તા. ૧૯ આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હવે ધીમે ધીમે ગરમીમાં વધારો થશે. સવારના સમયે થોડીક ઠંડીનો અહેસાસ થશે.

ફેબ્રુઆરીની તા. ૧૮માં ગુજરાતના હવામાનમાં પલટો આવેલ હતો અને દક્ષિણ ગુજરાત, પંચમહાલ વગેરે ભાગોમાં કરા સાથે વરસાદ પડવામાં હતો. હવામાન અંગે આગામી દિવસોમાં જોઈએ તો તા. ૨૦, ૨૧માં પણ રાજ્યના કેટલાક ભાગોમાં વાદળ રહે. ઉત્તર સૌરાષ્ટ્રના ભાગો, દક્ષિણ ગુજરાતના ભાગો, દક્ષિણ સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં વાદળ રહી શકે. જ્યારે તા. ૨૦મી ફેબ્રુઆરીથી દેશના ઉત્તરીય ભાગોમાં પશ્ચિમી વિક્ષેપની અસર થતાં તા. ૨૨મી ફેબ્રુઆરી સુધીમાં ભારે બરફવર્ષા થઈ શકે અને પશ્ચિમી વિક્ષેપની શૃંખલા છેક માર્ચની શરૂઆત સુધીમાં પણ રહી શકે. આ વખતે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે બરફવર્ષા અને કમોસમી વરસાદની શક્યતા રહે. વળી, પહાડી પ્રદેશોમાં બરફ અને વરસાદને લીધે જળનો સ્રોત પણ વધી શકે અને નદીઓમાં સામાન્ય પ્રવાહમાં વધારો થઈ શકે. આ હિમપાત લાંબા સમય સુધી ચાલવાની શક્યતા રહે. તા. ૨૨ અને ૨૩માં ભારે હિમવર્ષા થતાં ઠંડા પ્રવાહોની અસર સવારના ભાગમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં અસર વર્તાય, હવે ધીરે ધીરે દિવસનું તાપમાન વધે. તા. ૨૧ થી તાપમાનમાં વધારો જણાય. તા. ૨૫ થી તાપમાન વધે પરંતુ સવારના ભાગમાં ઠંડા પવનો ફુંકાઈ શકે. મહત્તમ ઉષ્ણતામાન ૩૫ ડિગ્રી સેલ્સીયસ ઉપર જવાની શક્યતા રહે. જો કે ઉત્તર ભારતમાં ચાલતી હિમવર્ષાની શૃંખલા સવારના ભાગોમાં ઠંડા પવનો તો લાવી શકે. તા. ૨૭ થી પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા રહે. માર્ચ તા. ૪ થી મહત્તમ ઉષ્ણતામાનમાં વધારો થાય તેમજ વિદર્ભના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૦ ડિગ્રી સેલ્સીયસ જેવુ જવાની શક્યતા રહે. પંચમહાલના ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન ૩૯ ડિગ્રી સેલ્સીયસ સુધી જવાની શક્યતા રહે. વડોદરા, ખેડા વગેરે ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન વધે. અમદાવાદ, ગાંધીનગરના ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન વધે, રાજકોટ, સુરેન્દ્રનગરના ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન વધતુ જાય. જૂનાગઢ, અમરેલીના ભાગોમાં પણ ઉષ્ણતામાન વધે. મહારાષ્ટ્રના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૦ ડિગ્રી સેલ્સીયસ થઈ જવાની શક્યતા રહે. સુરતના ભાગોમાં પણ માર્ચ માસમાં મહત્તમ ઉષ્ણતામાન ૩૮ ડિગ્રી સેલ્સીયસને પાર કરી જવાની શક્યતા રહે. જો કે આ તારીખો દરમ્યાન વાદળવાયુ પણ રહેવાની શક્યતા રહે. મહાસુદમાં વારંવાર હવામાનમાં પલટા આવે. માર્ચ તા. ૭ થી ૯ માં પણ સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં હવામાન પલટાય અને માવઠા જેવુ હવામાન જણાય. તા. ૧૧ થી ૧૩ માર્ચમાં પણ હવામાનમાં પલટો અને દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં હિમવર્ષાની સંભાવના રહે. હવે ધીરે ધીરે ઉનાળાનો અહેસાસ થશે.

# માણસા-વિહાર માર્ગનુ કામ અધુરુ માર્ગ વચાળે વૃક્ષોના લીધે અકસ્માત



ગાંધીનગર તા ૧૮ માણસા વિહાર તરફ જવાના માર્ગનુ રીસરફેસીંગ કામ ચાલી રહ્યુ છે. જો કે આ માર્ગને વાઈડનીંગ કરાયા બાદ હજુ કામ પુર્ણ થયુ નથી ત્યારે માર્ગ વચાળે સ્થિત વૃક્ષો પણ દુર કરાયા નથી જેના લીધે રૂટમાં અવરજવર કરતા વાહનો અકસ્માતને ભેટે છે. આ માર્ગના નિર્માણ માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન છે. જો કે હજુ સુધી માર્ગનુ ૫૦ ટકા કામ પુર્ણ થયુ છે. અંદાજિત ૧૨ કી મીના આ માર્ગની દશા ખરાબ હોવાથી માર્ગ રીસરફેસીંગ તેમજ વાઈડનીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી જો કે લાંબા સમયના અંતે પણ હજુ પ્રોજેકટનુ કામ પુર્ણ થયુ નથી ત્યારે માર્ગ વચાળે આવતા અંદાજિત ૮૭ જેટલા વૃક્ષોની કટોતી મામલે મંજુરી પણ મળી નથી જેના લીધે વનવિભાગની મંજુરીના અભાવે માર્ગ નિર્માણની કામગીરી પણ મંદ ચાલી રહી છે. ત્યારે વાઈડનીંગના અંતે હજુ રીસરફેસીંગના એક લેયરની કામગીરી બાકી છે આવા સંજોગોમાં આ રૂટમાં વાહનોની અવરજવર પણ વિશેષ થાય છે. ત્યારે માર્ગ વચાળે રૂટમાં આવતા વૃક્ષો વાહનચાલકો માટે અકસ્માતનુ કારણ બન્યા છે. આજે પણ આ વિસ્તારમાં એક અકસ્માતનો બનાવ બન્યો હતો જેના લીધે વાહનચાલકને ઈજા થઈ હતી અવારનવાર થતા અકસ્માતોને અટકાવવા માટે આ માર્ગ સુધારણા અને વાઈડનીંગની કામગીરી પણ ઝડપથી થાય તેવી માંગણી પણ સ્થાનિકોએ ઉઠાવી છે.

# શહેરમાં રાષ્ટ્રપતિના આગમનને પગલે લોખંડી બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર, તા.૧૯ આગામી તા.૨૩ ફેબ્રુઆરીના રોજ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોંવિદ ગુજરાતના મહેમાન બનવાના છે. મહાત્મા મંદિર ખાતે આયોજીત ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ત્રીજા દિક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ખાસ ઉપસ્થિત રહેશે. જયારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે રાષ્ટ્રપતિ રાત્રી રોકાણ કરવાના છે. ત્યારે રાષ્ટ્રપતિની સુરક્ષાને લઈ શહેરમાં લોખંડી બંદોબસ્ત ખડકી દેવાયો છે. જેમાં ૨ એસપીની દેખરેખ હેઠળ ૬ ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ, સહિત ૩૦૦ પોલીસ જવાનો ખડે પગે બંદોબસ્તમાં હાજર રહેશે. જયારે ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોર્ડ સહિત ટ્રાફિક પોલીસના જવાનો તૈનાત રહેશે. પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર તડામાર તૈયારીઓ કરી રહ્યું છે. તો બીજીતરફ રાષ્ટ્રપતિના આગમન પહેલા પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા જીણવટભર્યુ નિરીક્ષણ કરીને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.




'મા'નું સ્થાન ઈશ્વરની સમકક્ષ મુકાય છે. એવું કહેવાય છે કે ઈશ્વર બધે નથી પહોંચી શકતા એટલે તેમણે 'મા'ને ધરતી પર મોકલી આપી છે. 'મા'એ કરેલા અહેસાનનો બદલો કેમેય કરીને ચુકવી શકાય એમ નથી. શહેરમાં ફરતી એક મોંઘીદાટ કારની પાછળ 'મા'ના પ્રેમ અંગે સુંદર સુવાક્ય લખ્યું હતું. 'મારી દરેક ઉન્નતી અને વિકાસ માટે મારી 'મા'નો દેવાદાર છું.' આ સુવાક્ય ધ્યાનાકર્ષક બની રહ્યું છે.


## નર્સીંગ કોલેજ માટે સ્ટાફ જોઈએ.

યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ **તારીખ: ૨૨/૦૨/૨૦૨૧ ને સોમવારે બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ કલાક** સુધીમાં સંસ્થાના સરનામે જરૂરી ઓરીજનલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ હાજર રહેવું. અથવા E-Mail કે ફોન થી જાણ કરવી.

- M.Sc. / B.Sc. નર્સીંગની તમામ માર્કશીટ, એલ.સી., ડીગ્રી સર્ટી, રજીસ્ટ્રેશન નકલ, આધાર કાર્ડ, ૩ ફોટોગ્રાફસ વિ. સાથે લાવવું.
- નોંધ : ઉમેદવારોને આવવા-જવાનું એસ.ટી. બસ ભાડું સંસ્થા દ્વારા ચૂકવવામાં આવશે.

**એકતા નર્સીંગ કોલેજ - ખેડબ્રહ્મા**

C/O: આરડેકતા ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ-અંબાજી સ્ટેટ હાઈવે નં. ૯,સાબરકાંઠા
www.arrdekta.org ektaedu.inst@gmail.com
મો. : ૯૪૨૬૩ ૯૯૫૮૨, ૯૪૨૮૭ ૭૦૯૫૩



## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ-૨૦૨૦-૨૦૨૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૬૯/૨૦૨૦-૨૧ | Modification & New Construction of School Building (4 Nos), Gandhinagar Municipal Corporation, Gandhinagar | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૪,૯૯,૫૭૩/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૨/૨/૨૦૨૧ થી તા. ૧૫/૩/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથી ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફટ તા. ૧૬/૩/૨૦૨૧ થી તા. ૨૩/૩/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે ઓફરો મળે હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૪/૩/૨૦૨૧ સમય ૧૭:૩૦ કલાક પછી કરવામાં આવશે.

માહિતી/૧૯૫૮/૨૦-૨૧

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર



## WESTERN RAILWAY TO RUN 6 MORE ADDITIONAL SPECIAL TRAINS BETWEEN INDORE – GANDHINAGAR CAPITAL, INDORE - AMRITSAR, DR. AMBEDKAR NAGAR – YESVANTPUR JN., INDORE – UDHAMPUR, INDORE - CHANDIGARH and INDORE – DELHI SARAI ROHILLA



For the convenience of passengers and with a view to meet the travel demand, Western Railway has decided to run 6 more additional Special Trains to various destinations till further advice. The details of these trains are as under:

| TRAIN NO. | ORIGINATING STATION & DESTINATION | DATE OF COMMENCEMENT | DAYS OF SERVICE | DEPARTURE | ARRIVAL |
|---|---|---|---|---|---|
| 09310 | INDORE – GANDHINAGAR CAPITAL Special | w.e.f. 01.03.2021 | Daily | 23.00 Hrs. | 09.45 Hrs. (Next day) |
| 09309 | GANDHINAGAR CAPITAL - INDORE Special | w.e.f. 02.03.2021 | Daily | 18.15 Hrs. | 05.55 Hrs. (Next day) |
| HALT STATIONS:- Dewas, Ujjain, Nagda, Khachrod, Ratlam, Meghnagar, Dahod, Godhra, Chhayapuri, Anand, Nadiad, Mahemadavad Kheda Rd, Ahmedabad, Sabarmati and Chandlodiya stations in both directions. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper Class and Second Class seating coaches. | | | | | |
| 09325 | INDORE - AMRITSAR Special (Bi-Weekly) | w.e.f. 23.02.2021 | Tuesday & Friday | 19.45 Hrs. | 21.00 Hrs. (Next day) |
| 09326 | AMRITSAR – INDORE Special (Bi-Weekly) | w.e.f. 25.02.2021 | Thursday & Sunday | 01.50 Hrs. | 00.55 Hrs. (Next day) |
| HALT STATIONS:- Dewas, Maksi, Shajapur, Biyavra Rajgarh, Ruthiyai, Guna, Shivpuri, Gwalior, Agra Cantt, Mathura, Faridabad, H. Nizamuddin, Ghaziabad, Meerut City, Muzaffarnagar, Deoband, Saharanpur, Yamunanagar Jagadhri, Ambala Cant, Sirhind, Ludhiana, Jalandhar City and Beas stations in both directions. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper Class and Second Class seating coaches. | | | | | |
| 09301 | DR. AMBEDKAR NAGAR – YESVANTPUR JN. Special (Weekly) | w.e.f. 28.02.2021 | Sunday | 20.00 Hrs. | 10.50 Hrs. (Tuesday) |
| 09302 | YESVANTPUR JN. – DR. AMBEDKAR NAGAR Special (Weekly) | With effect from 02.03.2021 | Tuesday | 15.50 Hrs. | 07.15 Hrs. (Thursday) |
| HALT STATIONS:- Indore, Dewas, Ujjain, Maksi, Berchha, Shujalpur, Bhopal, Habibganj, Itarsi, Betul, Amla, Warud Orange City, Chandur Bazar, New Amravati, Akola, Washim, Hingoli Deccan, Purna, H. Sahib Nanded, Mudkhed, Nizamabad, Kamareddi, Kacheguda, Gadwal, Kurnool City, Dharmavaram and Yelahanka stations in both directions. Train No. 09302 will also halt at Mahbubnagar & Hindupur stations. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper Class and Second Class seating coaches. | | | | | |
| 09241 | INDORE – UDHAMPUR Superfast Special (Weekly) | w.e.f. 22.02.2021 | Monday | 23.30 Hrs. | 22.50 Hrs. (Next day) |
| 09242 | UDHAMPUR – INDORE Superfast Special (Weekly) | w.e.f. 24.02.2021 | Wednesday | 11.10 Hrs. | 11.15 Hrs. (Next day) |
| HALT STATIONS:- Dewas, Ujjain, Nagda, Bhawani Mandi, Kota, Sawai Madhopur, Mathura, Delhi Safdarjang, Shakurbasti, Rohtak, Jind, Jakhal, Dhuri, Ludhiana, Jalandhar Cantt, Pathankot Cantt and Jammu Tawi stations in both directions. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper Class and Second Class seating coaches. | | | | | |
| 09307 | INDORE - CHANDIGARH Special (Weekly) | w.e.f. 25.02.2021 | Thursday | 05.30 Hrs. | 05.05 Hrs. (Next day) |
| 09308 | CHANDIGARH – INDORE Special (Weekly) | w.e.f. 26.02.2021 | Friday | 16.30 Hrs. | 15.10 Hrs. (Next day) |
| HALT STATIONS:- Dewas, Ujjain, Maksi, Shajapur, Pachor Rd, Biyavra Rajgarh, Ruthiyai, Guna, Shivpuri, Gwalior, Morena, Agra Cantt, Mathura, Faridabad, H. Nizamuddin, Meerut City, Saharanpur, Yamuna Nagar Jagadhri and Ambala Cant stations in both directions. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper Class and Second Class seating coaches. | | | | | |
| 09337 | INDORE – DELHI SARAI ROHILLA Special (Weekly) | w.e.f. 28.02.2021 | Sunday | 19.20 Hrs. | 12.05 Hrs. (Next day) |
| 09338 | DELHI SARAI ROHILLA - INDORE Special (Weekly) | w.e.f. 01.03.2021 | Monday | 15.00 Hrs. | 08.30 Hrs. (Next day) |
| HALT STATIONS:- Fatehabad Chandrawati Ganj, Ratlam, Mandsor, Nimach, Chittaurgarh, Bhilwara, Ajmer, Jaipur, Dausa,Alwar and Rewari stations in both directions. Train No. 09337 will also halt at Barnagar station. | | | | | |
| Composition : AC 2-Tier, AC 3-Tier, Sleeper class and Second Class seating Coaches. | | | | | |

For detailed timings of the halts of respective special trains, please visit www.enquiry.indianrail.gov.in

- Only passengers having confirmed tickets will be permitted to board these special trains.
- Passengers are advised to adhere all norms, SOPs related to COVID-19 during the boarding, travel and at destination.

The booking of Train No. 09241 will open on 20th February, 2021; Train Nos. 09307, 09325 & 09337 will open on 21st February, 2021 and Train Nos. 09310 & 09301 will open on 23rd February, 2021 at nominated PRS counters and on IRCTC website. All above trains will run as fully reserved trains.

WESTERN RAILWAY
www.wr.indianrailways.gov.in
Like us on : facebook.com/WesternRly
follow us on : twitter.com/WesternRly

Please Carry ID Proof for All Reserved Tickets.